ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧ના પ્રિસાઈડિંગ અધિકારી શ્રી અશ્વિન દવે સમક્ષ,
વડોદરા.

## એપ્રુ.અરજી (આઇ.ટી) નં.૩૪/૨૦૦૧

અરજદાર :- જ્યોતી લિમિટેડ,
નાનુભાઇ અમીન માર્ગ,
પો.ઓ. કેમિકલ ઇન્ડસ્ટ્રિઝ,
વડોદરા-૩૯૦ ૦૦૩.

**વિરૂદ્ધ**

સામાવાળા :- નરવીરસિંહ મંગલસિંહ ઝાલા,
૩૪-બી, સુન્દરમ પાર્ક સોસાયટી,
અયોધ્યા નગરની પાછળ,
વી.આઇ.પી. રોડ, કારેલીબાગ,
વડોદરા-૩૯૦ ૦૧૮.

હાજર રહ્યાં:-

અરજદાર તરફે :- વકીલ શ્રી એમ.સી. મહેતા
સામાવાળા તરફે :- વકીલ શ્રી એમ.એસ.મન્સૂરી

**-: આંક-૧૦૫ હેઠળ હુકમ :-**

૧. અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારા (કે જે ને હવે પછી ટૂંકમાં **‘આઇ.ડી.એક્ટ’**તરીકે ઉલ્લેખવામાં આવેલ છે)ની કલમ ૩૩(૨)(બી) હેઠળ સામાવાળા વિરૂદ્ધ દાખલ કરી સામાવાળાના બરતરફીના હુકમને બહાલી આપવાની દાદ માગેલ છે.

૨. અરજદારે આંક-૧૦૫ થી અરજી રજૂ કરી જણાવેલ છે કે સામાવાળા તરફે રજૂઆત કરતા પ્રતિનિધિ વકીલ છે અને તેઓ કાયદાના વ્યવસાયી છે. સામાવાળાના પ્રતિનિધિ એક કરતા વધુ કંપનીના કામદારો વતી રજુઆત કરે છે અને હાઇકોર્ટમાં પણ પ્રેકટિસ કરે છે. અરજદારને વકીલ રોકવાની પરવાનગી આપવામાં ન આવે તો નાણાંમાં ભરપાઇ ન થાય તેવું નુકસાન

થાય તેમ છે. આ સંજોગોમાં નામ. વડી અદાલતના ચુકાદા તથા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર અરજદારને વકીલ રોકવા પરવાનગી આપવા વિનંતી છે.

૩. અરજદારે આંક–૧૦૫ની અરજી સાથે નિ.૧૦૫/૧ થી અરજદાર તરફે વકીલ શ્રી એમ.સી. મહેતાનું વકિલાતનામુ રજૂ કરેલ છે.

૪. સામાવાળા દ્ધારા અરજદારની આંક–૧૦૫ની લેખિત અરજીનો આંક–૧૧૧થી તેમનો જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકી હકીકત એવી છે કે અરજદારની અરજી કાયદા વિરૂદ્ધની છે. ઔદ્યોગિક ન્યાયપંચને પુનઃ વિચારણા કરવાની હકૂમત પ્રાપ્ત થતી નથી. સદર કામે એ હકીકત બિન વિવાદાસ્પદ છે કે અરજદારે અગાઉ આંક–૧૭થી વકીલ શ્રી કે.કે.ચોક્સીને અરજદારના વકીલ તરીકે હાજર કરવાની પરવાનગી માગતી અરજી કરી હતી અને ઔદ્યોગિક ન્યાયપંચે આ અંગે હુકમ કરી અરજદારની પરવાનગી અરજી રદ કરેલ છે. અરજદારના વકીલશ્રીને હાજર રાખવાની મંજૂરી આપેલ નથી. અરજદારે આ હુકમ ઉપલી અદાલત સમક્ષ પડકારેલ નથી. ઔદ્યોગિક ન્યાયપંચને પોતાના અગાઉના ચુકાદાની ફેરવિચારણા કરવાનો અધિકાર નથી. નામ. વડી અદાલતની ડિવિઝન બેંચ દ્ધારા સ્નાઈડર ઈલેક્ટ્રિક ના કેસમાં આપેલ ચુકાદાને રદ કરતો હુકમ કરેલ છે. નામ. વડી અદાલતે અન્ય કેસમાં સામાવાળાની આઇ.ડી.એક્ટની કલમ ૩૬(૪) મુજબ પૂર્વ સંમતિ મેળવી ન હોય તો અદાલત વકીલ મારફતે હાજર રહેવા દેવાની પરવાનગી આપી શકે નહીં. સામાવાળા અરજદારની આંક–૧૦૫ની અરજી રદ કરવા જણાવે છે.

૫. અરજદાર તરફે આંક–૧૧૨થી સામાવાળા દ્ધારા વકીલાતનામા ઉપર

લીધેલ વાંધા અંગેની દલીલ તથા જવાબ રજૂ કરેલ છે. અરજદારે તેમની દલીલમાં નામ. વડી અદાલતના ચુકાદાનો ઉલ્લેખ કરી વકીલ મારફતે હાજર રહેવા દેવાની પરવાનગી માગેલ છે.

1. સામાવાળા તરફે વકીલ શ્રી એમ.એસ.મન્સૂરીએ દલીલ કરતાં જણાવ્યું છે કે આઇ.ડી.એક્ટની કલમ ૩૬(૪)ની જોગવાઇ તથા નામ. સર્વોચ્ચ અદાલતના પરાદીપ પોર્ટના કામનો ચુકાદો તથા નામ. ગુજરાત વડી અદાલતનો એલ.પી.એ. નં.૯૧૭/૨૦૧૪ ના કામનો ચુકાદો ધ્યાને લઇ અરજદારની આંક-૧૦૫ની અરજી રદ કરવી જોઇએ. સામાવાળા અરજદારની આંક-૧૦૫ની અરજી રદ કરવા જણાવે છે.

૬. આઇ.ડી.એક્ટની કલમ ૩૬(૪)ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો કાર્યવાહીના કોઇ પક્ષકાર બીજા પક્ષકારની સંમતિથી અદાલત સમક્ષ કાયદા વ્યવસાયીને તેમના પ્રતિનિધિ તરીકે રોકી શકે છે.

અરજદાર દ્વારા અગાઉ આંક-૧૭ થી વકીલ મારફતે હાજર રહેવા દેવાની પરવાનગી માગેલ હતી જે પરવાનગી અરજી ઔધોગિક ન્યાયપંચે રદ કરેલ છે.

અરજદારની વકીલ મારફતે હાજર રહેવા દેવા અગાઉ પરવાનગી માગતી અરજી અદાલતે રદ કરેલ હોઇ સદર એકમાત્ર કારણોસર અરજદારની આંક-૧૦૫ની વકીલ મારફતે હાજર થવાની પરવાનગી માગતી અરજી રદ કરવામાં આવે છે.

૭. અરજદારે તેમની દલીલના સમર્થનમાં મુખ્યત્વે નામ. ગુજરાત વડી અદાલતના સ્નાઇડર ઇલેક્ટ્રિક ઇન્ડિયા પ્રા.લિ. વિરૂદ્ધ કૈલાશબેન આર.વાળંદ (એસસીએ-૧૯૨-૨૦૧૩, તા.૧૭-૧૨-૧૩)ના ચુકાદા

ઉપર આધાર રાખી અરજદારને વકીલ મારફતે હાજર રહેવા દેવાની પરવાનગી માગેલ છે.

ઉપરોકત ચુકાદો નામ. વડી અદાલત દ્વારા એલ.પી.એ.નં. ૯૧૭/૨૦૧૪ માં કરેલ તા.૨૬–૩–૧૫ ના ચુકાદાથી રદબાતલ કરેલ હોય નામ. ગુજરાત વડી અદાલતના અરજદારે રજૂ કરેલ ઉપરોકત ચુકાદા પર આધાર રાખી શકાય તેમ નથી.

આઇ.ડી.એક્ટની કલમ ૩૬(૪) ની જોગવાઇ તથા નામ. સર્વોચ્ચ અદાલતના પારાદીપ પોર્ટ વિરૂદ્ધ તેમના કામદારો (૧૯૭૭(૨)–એસસીસી–૩૩૯) ના કામનો ચુકાદો ધ્યાને લઇ સામાવાળા પક્ષકારે અરજદારનો વકીલ મારફતે હાજર રહેવા સામે વાંધો ઉપસ્થિત કરતાં હોઇ અરજદારની વકીલ મારફતે હાજર રહેવાની પરવાનગી માગતી આંક–૧૦૫ની અરજી રદ થવાને પાત્ર હોય અરજદારની આંક–૧૦૫ની અરજી રદ કરવામાં આવે છે. સદર કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. અરજદારની આંક–૧૦૫ની અરજી રદ કરવામાં આવે છે.
૨. મૂળ કામની હવે પછીની સુનાવણી તા.૧–૮–૨૦૧૭ ના રોજ હાથ ધરવામાં આવશે.
૩. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.
૪. સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૭–૭–૨૦૧૭
સ્થળ: વડોદરા

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ: જીજે૦૦૭૭૬
પ્રિસાઈડિંગ ઓફિસર
ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧,
વડોદરા

એસ.જી.ખેંગાર, પીપીએસ